ગાંધીનગર સમાચાર

હવે, શાળાઓમાં શિક્ષકોના ફોટા અને શૈક્ષણિક લાયકાત સાથેનાં બોર્ડ લગાવાશે

# શહેરમાં ભરશિયાળે ઉનાળાનો અહેસાસ

**મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે બેવડો તફાવત છતા ઠંડી અદ્રશ્ય : બેવડી ઋતુની અસર વચ્ચે મચ્છરો માટે ફેવરેબલ વાતાવરણ : સે-૬,૭,અને ૮ ડેન્ગયુથી વિશેષ પ્રભાવિત**

ગાંધીનગર, તા. ૩

શહેરમાં ભરશિયાળે પણ ગરમીનુ મોજુ ફરી વળતા દિવસ દરમિયાન નાગરિકો ગરમીથી અકળાઇ રહયા છે. લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે બેવડો તફાવત છે. પરંતુ ન્યુનત્તમ તાપમાન પણ ૧૬ ડિગ્રી જેટલુ ઉંચુ રહેતા ઠંડી અદ્રશ્ય થઈ ગઈ છે. દિવસનો તાપ આકરો બનતા નગરજનો ઉનાળા જેવી ગરમીનો અહેસાસ કરી રહયા છે. બીજીતરફ મોસમના આ વિચિત્ર મિજાજની અસર વચ્ચે શહેરમાં ડેન્ગ્યુના કેસો હજુ પણ જોવા મળી રહયા છે. દિવસનુ તાપમાન ઉંચુ જવાની સાથે ગુલાબી ઠંડીના માહોલમાં મચ્છરો માટે ફેવરેબલ વાતાવરણ સર્જાયુ છે. વાતાવરણના વિચિત્ર મિજાજ વચ્ચે હજુ શિયાળાની મોસમ નિખરી નથી. દિવસનુ તાપમાન ઉંચુ જતા આકરો તાપ નગરજનોને ઉનાળાની ગરમીનો અહેસાસ કરાવી રહયો છે. ભરશિયાળે પણ ગરમીનુ મોજુ ફરી વળતા નાગરિકો બેવડી ઋતુથી પ્રભાવિત થયા છે. લઘુત્તમ તાપમાન ૧૩ ડિગ્રી એ થી ઉંચુ આવતા આજે ન્યુન્નતમ તાપમાન ૧૬ ડિગ્રી નોંધાયુ હતુ. જેના પરિણામે નગરજનોએ ઠંડી અદ્રશ્ય થઈ ગઈ હોવાનો અહેસાસ કર્યો હતો. જયારે મહત્તમ તાપમાન પણ ૩૧ ડિગ્રી નોંધાયુ હતુ. લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે બેવડો તફાવત નોંધાયો હતો.જેના લીધે વાતાવરણમાં દિવસે આકરા તાપ વચ્ચે નગરજનો અકળાવતી ગરમીનો અહેસાસ કરી રહયા છે. જયારે રાત્રિના હળવી ગુલાબી ઠંડીના લીધે બેવડી ઋતુ અનુભવી રહયા છે. બેવડીઋતુના આ વાતાવરણ વચ્ચે નગરમાં ડેન્ગ્યુનો રોગચાળો હજુ ડામી શકાયો નથી. આ પ્રકારનુ વાતાવરણ મચ્છરો માટે ફેવરેબલ હોવાથી સેકટરોમાં હજુ પણ ડેન્ગયુના દર્દીઓ પ્રકાશમાં આવી રહયા છે. ખાસ કરીને સે-૬,૭, અને ૮ માં ડેન્ગયુના કેસો મળી આવતા આરોગ્ય તંત્રમાં પણ ચિંતા પ્રવર્તી છે. વાતાવરણમાં ઠંડી ગરમીની અસરથી જનઆરોગ્ય પ્રભાવિત થયુ છે. જયારે નગરજનો પણ વિચિત્ર મોસમ અનુભવી રહયા છે.

# વાઈબ્રન્ટ કાઉન્ટડાઉન...



મહાત્મા મંદિર ખાતે આગામી જાન્યુઆરી માસ દરમ્યાન યોજાઈ રહેલા વાઈબ્રન્ટ સમીટ માટેનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. સૌપ્રથમ માર્ગોની સફાઈ અને માર્ગોની સુંદરતાનું કામ હાથ ધરાયું છે. પ્રસ્તુત તસવીર માર્ગોના ડિવાઈડર પર મૂકવામાં આવેલી રેલીંગને રંગકામ થઈ રહ્યું છે, તેની છે. આગામી દિવસોમાં શહેરને સુશોભિત કરવાનાં આવાં ઘણાં કામો વાઈબ્રન્ટ કાઉન્ટડાઉનની અસરમાં દેખા દેશે એ પણ નિશ્ચિત છે.

# અડવાણીએ સફાઈનાં સાધનો માટે ૨૧.૫૦ લાખ ફાળવ્યા

## જિલ્લામાં વિકાસના કામો માટે ચાર ચાર સાંસદોએ રકમની ફાળવણી કરી

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરના સાંસદ એલ.કે. અડવાણીએ ગાંધીનગર મહાનગરપાલિકાને સોંપાયેલ એક માત્ર સેવા સફાઈ અને 'સફાઈ'ના સાધનો ખરીદવા માટે રૂ. ૨૧.૫૦ લાખની માતબર રકમ વિસ્તાર વિકાસ ગ્રાન્ટમાંથી ફાળવી છે.

આમ તો અડવાણી એ આ રકમ ૧૪.૧૫ના વર્ષમાં ફાળવી હતી પરંતુ વહીવટીય અને તાંત્રિક મંજૂરીમાં અટવાયેલી ફાઈલોનો નિકાલ હવે થતાં તેને ગત મહિનાના છેલ્લા સપ્તાહમાં રકમ મંજૂર કરી તેની જાણકારી મનપાને આપવામાં આવી છે. દર વર્ષે સાંસદને રૂ. ૫૦૦ લાખની ફાળવણી વિસ્તાર વિકાસ માટે થતી હોય છે. સાંસદ અડવાણીએ રૂ. ૨૧.૫૦ લાખની ફાળવણી સફાઈના સાધનો ખરીદવા માટે ફાળવી છે તેમાં વીસ લાખ રૂ. યાંત્રિક સાધનો માટે જયારે ૧.૫૦ લાખ રૂ. હાથથી સફાઈ થઈ શકે તેવા સાધનોની ખરીદી માટે ફાળવી છે.

અડવાણીએ સફાઈ માટે ફાળવેલી આ રકમની વિગતો રાજકીય વર્તુળોમાં પ્રસરતાં ગાંધીનગરની ગંદકીથી અડવાણીનું હૃદય દ્રવી ઉઠયું તેવી કોમેન્ટ પણ સાંભળવા મળી હતી.

ગાંધીનગર (દ)ના વિસ્તારમાં સાંસદ પરેશ રાવલે પણ રૂ. ૧૮ લાખ ફાળવી આપ્યા છે.

તો મહેસાણાના સાંસદ જયશ્રીબેન પટેલે પણ માણસાના વિકાસ માટે રૂ. બે લાખની ફાળવણી કરી છે.

રાજયસભાના સાંસદ મધુસુદન મિસ્ત્રીએ પણ દહેગામ તાલુકા માટે ગ્રાન્ટની રૂ. બે લાખની ફાળવણી કરી છે.

પંચાયતોની ચૂંટણી ટાણે સાંસદોને જિલ્લાનો ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તાર યાદ આવ્યાની હળવી કોમેન્ટો પણ રાજકીય વર્તુળોમાં સાંભળવા મળી હતી. ગાંધીનગર શહેર માટે સાંસદ અડવાણીએ સૌથી મોટી રકમ ફાળવી છે તો સાંસદ પરેશ રાવલે તો જાખોરા-રાજપુર ને આદર્શ ગ્રામ તરીકે પસંદ કર્યુ છે જે ઉલ્લેખનીય છે.

# હવે, શાળાઓમાં શિક્ષકોના ફોટા અને શૈક્ષણિક લાયકાત સાથેનાં બોર્ડ લગાવાશે

ગાંધીનગર, તા.૩

ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીએ પ્રાથમિક શાળાઓમાં કામ કરતા તમામ શિક્ષકોના ફોટા સાથેનો બાયોડેટ બનાવી સ્કુલમાં લગાવવા માટેના આદેશો કર્યા છે.

બે દિવસ પહેલાં કરાયેલ આ આદેશમાં પ્રા. શિક્ષણ નિયામકશ્રીએ જણાવ્યું છે કે શાળામાં અભ્યાસ કરતા બાળકોના વાલીઓ, એસ.એમ.સી. સભ્યો તથા મુલાકાતીઓને ઓળખ થાય તે હેતુથી તમામ શિક્ષકોના ફોટોગ્રાફ સાથે તેમનું નામ, શૈક્ષણિક લાયકાત, શાળામાં નિમણુંક થયાની તારીખ સાથેની વિગતો દર્શાવતુ બોર્ડ તૈયાર કરી સારી રીતે જોઈ શકાય તે રીતે ૧૦મી ડિસેમ્બર સુધીમાં લગાવી દેવાનું રહેશે.

આ પ્રકારના બોર્ડ લગાવવામાં આવ્યા અંગેનું પ્રમાણપત્ર પણ દરેક પ્રાથમિક શાસનાધિકારીએ આપવાનું રહેશે અને તેની જાણકારી પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીને કરવાની રહેશે.

શિક્ષકોના નામ અને ફોટા સાથેના બોર્ડ લગાડવાના સરકારના આ નિર્ણયથી સમગ્ર શિક્ષણ જગતમાં આશ્ચર્ય ફેલાયું છે.

જો કે એવી દલીલ કરવામાં આવી રહી છે કે મુલાકાત ટાંકણે વાલી, એસ.એમ.સી.ના સભ્યોથી અલગ ઓળખ પ્રસ્થાપિત થઈ શકે તે હેતુ જ સૂચના આપવામાં આવી છે. બીજુ શિક્ષકોની શૈક્ષણિક લાયકાત દર્શાવવાથી બાળકોમાં ઉચ્ચ શિક્ષણ મેળવવા માટેની અભિરૂચિ થશે તેવો હેતુ છે.

# ઉચ્ચતર માધ્યમિકમાં ૧૬ અને માધ્યમિકમાં ૮ શિક્ષકોની ભરતી

## ભરતી કેમ્પ દરમિયાન વિવિધ ૮ વિષયોને અનુલક્ષી શિક્ષકોની પસંદગી : કેમ્પમાં ૧૦ ગેરહાજર રહયા

ગાંધીનગર તા ૩

જિલ્લાની શાળાઓમાં શિક્ષકોની ઘટનો પ્રશ્ન નિવારવા શિક્ષણતંત્ર દ્વારા ભરતી કેમ્પનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. બે દિવસીય કેમ્પ દરમિયાન માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જુદા જુદા વિષયના કુલ ૨૪ શિક્ષકોની ભરતી કરવામાં આવી છે. કેમ્પ દરમિયાન વિવિધ ૮ વિષયના શિક્ષકોની ભરતી કરવામાં આવી હોવાનુ પણ જણાંવાયુ છે.

જિલ્લાની ગ્રાન્ટેડ શાળાઓમાં શિક્ષકોની ઘટના લીધે વિદ્યાર્થીઓના શિક્ષણ પર માંઠી અસર થતી હોવાનો આક્રોશ ઉઠવા પામ્યો હતો. જયારે લાંબા સમયથી શિક્ષકોની ભરતી ન થતા શિક્ષકોની ઘટના લીધે શિક્ષણની ગુણવત્તા સામે પણ પ્રશ્નાર્થ ઉઠવા પામ્યો હતો. જિલ્લાની શાળાઓમાં શિક્ષકોની ઘટ નિવારવા શિક્ષણ તંત્ર દ્વારા તબક્કાવાર ભરતી કેમ્પનુ આયોજન કરી ઘટ નિવારવા માટે વિચારણા હાથ ધરવામાં આવી હતી અગાઉ પણ શિક્ષકોની ભરતી કરવા માટે કેમ્પનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. પરંતુ તેના અંતે પણ શિક્ષકોની ઘટનો આંકડો મોટો જ હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. જયારે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા આજે પણ સે -૧૨ સ્થિત સ્વામી વિવેકાનંદ વિદ્યાલય ખાતે માધ્યમિક

● અનુ. સાતમા પાને

# કાર્ડ કે ચેક નહીં ચાલે, રોકડાં જ આપવા પડશે..!!


ગાંધીનગર, તા.૩

નોટબંધીએ શહેરમાં અનેક નાગરિકોને નાની મોટી મુંઝવણમાં મુકી દીધાં છે. એક તરફ છુટ્ટા નાણાં તથા રોકડા નાણાંની અછત છે તો બીજી તરફ શહેરના કેટલાક વેપારીઓની 'ચેક' નહી સ્વીકારવાની જીદે નાગરિકોના કામો અટવાય છે. માત્ર રોકડ નાણાંનો આગ્રહ રાખતા વેપારીઓને જો ચેક સ્વીકારવાની ફરજ નહી પડાય અથવા તો 'કાર્ડ સ્વેપ મશીન'ની સુવિધા આપવા વ્યવસ્થા નહીં કરાય તો નાગરિકો હજુ વધુ હાલાકીનો ભોગ બનશે તે નક્કી છે.

આજે શહેરની એક જાણીતી કોલેજના પ્રાધ્યાપક તેમની મારૂતિ કારને રીપેર કરાવવા ગયા હતા જયાં તેમને કેટલાક સ્પેરપાર્ટસની જરૂર હોવાથી તે ખરીદી લાવવા કારીગરે જણાવ્યું હતું. આ પ્રાધ્યાપક તેમની કાર માટે સ્પેરપાર્ટસ ખરીદવા સે-૨૮ના એક જાણીતા શો રૂમ પર ગયા જયાં સ્પેરપાર્ટસનું કુલ બિલ આશરે રૂ. ૩૯૦૦ જેટલું થતું હતું. પ્રાધ્યાપક પાસે નોટબંધીના કારણે આટલા

● અનુ. સાતમા પાને

## બેસણું



મારા ધર્મપત્ની શ્રીમતી લતાબેન બિપીનચંદ્ર ગાંધીનું તા. ૧-૧૨-૨૦૧૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થનું બેસણું તા. ૪-૧૨-૨૦૧૬ ને રવિવારના રોજ સવારે ૯થી ૧૧ દરમ્યાન અમારા નિવાસસ્થાને રાખેલ છે.

: નિવાસસ્થાન :-

પ્લોટ નં. ૧૫૨૯/૧, સેક્ટર-૨ સી, સરકારી દવાખાના પાસે, ગાંધીનગર

લિ.

બિપીનચંદ્ર એન. ગાંધી
(અન્ન ના.પુ. હિસાબી)

રીતેશ બી. ગાંધી (કેનાડા) | દિવ્યશ બી. ગાંધી (યુ.કે.)

# દિવ્યાંગો માટે દર સપ્તાહે પ્રમાણપત્ર કેમ્પ યોજવા તાકીદ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર જિલ્લામાં આગામી સપ્તાહથી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દીઠ એક દિવ્યાંગ પ્રમાણપત્ર વિતરણનો કેમ્પ યોજવા માટે આજે કડક તાકીદ જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ કરી છે.

જિલ્લાના તબીબી અધિકારીઓની આજે યોજાયેલ માસિક સમીક્ષા બેઠકમાં બોલતાં જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ સંસ્થાકીય પ્રસુતીઓની સંખ્યા સરકારી સંસ્થાઓમાં વધે તેના પર પણ વધુ ભાર મુકયો હતો અને જણાવ્યું હતું કે સરકારી સંસ્થાઓમાં સુવિધા સાધનો હોવા છતાં કેમ આમ નથી થતું તે સમજાતું નથી.

તેમણે કુટુંબ નિયોજનના કાર્યક્રમનો પણ પ્રારંભથી જ અમલ કરવામાં આવે તેવો આગ્રહ કરતાં જણાવ્યું હતું કે છેલ્લા મહિનામાં લક્ષ્યાંક સિધ્ધિ માટે દોડવું ના પડે તે માટે અત્યારથી જ જાગૃતિ દાખવવી જરુરી છે.

દિવ્યાંગો માટે સંવેદના સાથે કામ કરવાની અપીલ કરતાં દેસાઈએ જણાવ્યું હતું કે દિવ્યાંગોને પ્રમાણપત્ર આપવાની કામગીરી અત્યંત નબળી રહી છે. આ ઉપરાંત પાંચ એસના અમલીકરણમાં પણ તંત્રની કામગીરી ખુબ નબળી જણાય છે તે બરાબર નથી.

તેમણે જણાવ્યું હતું કે શાળા આરોગ્ય કાર્યક્રમની સાથે જ દિવ્યાંગોને પણ તેમના પ્રમાણપત્ર મળી જાય તે જરુરી છે. આ માટેનું માઈક્રો પ્લાનીંગ કરી અને દર સપ્તાહે દરેક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દીઠ એક કેમ્પ અવશ્ય કરવામાં આવે.

આ બેઠકમાં વિભાગીય નિયામક ડૉ. દિનકર રાવલે પણ આરોગ્ય તંત્રના વિવિધ કાર્યક્રમોની સમીક્ષા બપોર બાદ હાથ ધરી હતી. શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમમાં ગતિ લાવવા પર તેમણે વિશેષ ભાર મુકયો હતો.

જિલ્લાના ઈન્ચાર્જ આરોગ્ય અધિકારી ડૉ. પિયુષ પટેલ સહિત તમામ સ્તરના મેડીકલ ઓફિસરો આ બેઠકમાં હાજર રહ્યા હતા.

# ગુજરાતમાં છ આયુર્વેદ કોલેજને મંજૂરી

ગાંધીનગર, તા.૩

ગુજરાતમાં છ આયુર્વેદ કોલેજો શરૂ કરવાની મંજુરી મળી ગયા બાદ આયુર્વેદના ક્ષેત્રના વિદ્યાર્થીઓને વધુ રાહત મળી શકે છે. કેન્દ્ર સરકારે આ મંજુરી આપી દીધી છે. કેન્દ્રીય આયુષ સંસ્થાન દ્વારા છેવટે ગુજરાતને નવી ૬ આયુર્વેદિક કોલેજો શરૂ કરવાની મંજુરી આપી છે. ગુજરાતને મળેલી ૬ નવી આયુર્વેદિક કોલેજ ગાંધીનગર, રાજકોટ, જુનાગઢ, વલસાડ, કલોલ અને પીઠાપુરમાં ખોલવામાં આવશે. નવી ૬ કોલેજની મંજુરી મળતા ગુજરાતમાં હવે કુલ ૧૫૦૦ બેઠક થશે.


PROPOSED CBSE SCHOOL

LOVE INDIA INTERNATIONAL SCHOOL — ARISE AND SHINE

A new school managed by experienced educationists who seek to build an inspiring learning ecosystem with a progressive approach and attitude.

For our School Project in Gandhinagar we require:

Pre-Primary Teachers

Receptionist/Admin-Asst.

Counselors

Walk In

Date: 4th, 5th December, 2016
Time: 12 pm to 3 pm

GIDC ESTATE, SECTOR- 25, ON KOLAVADA ROAD, GANDHINAGAR.

E-mail: atulchux@gmail.com
CALL: 9825409202, 9909941291

ADMISSIONS OPEN FOR PRIMARY SECTION





શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ

નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એક્સચેન્જ ઓફર

આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ

દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય

સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વિસ કરી આપવામાં આવશે.

ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.

એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.

મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮

સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.



ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ

ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે

- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય

ECO GREEN™ Autoclaved Aerated Concrete Blocks

ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦

sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality | KisaN® | ashirvad | BENELAVE™ | DR. FIXIT® | TATA STEEL • PIPES • SHEETS | VINAYAK 500® TMT BARS - ISI

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com